**પ્રકરણ : ૩૦**

# ઈચ્છાનુસારના સાધનમાં સુખ માનવાનું કારણ : મોહજન્ય રતિભાવ

**પ્રકરણની રૂપરેખા**

- પ્રાસ્તાવિક
- **૧. મોહજન્ય રતિભાવ**
  - ૧. મોહ સાથે સંબંધિત અઘાતિકર્મની પ્રકૃતિઓ
  - ૨. અઘાતિકર્મની પુણ્ય-પાપ પ્રકૃતિનો મોહજન્ય રતિ-અરતિભાવ સાથેનો સંબંધ વિશેષ
  - ૩. દુઃખના કારણપણે અરતિ કે રતિ કષાયની સમાનતા
  - ૪. મોહજન્ય રતિભાવમાં સુખ માનવાનું કારણ : **મિથ્યાત્વ**
- ઉપસંહાર

**લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો ;**
**વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,**
**એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!!**

**ભાવાર્થ:** હે ભાઈ ! તું ઈચ્છાનુસારના સાધનમાં સુખ માની ધન-દૌલત, સંપત્તિ અને સત્તા વધારે છે. પણ એ વધવાથી તારા સુખમાં શું વધારો થયો છે તે તો કહો ? તે જ રીતે કુટુંબ-પરિવારાદિકના વધવાથી પણ આત્માના સુખમાં શો વધારો થાય છે તે પણ ન્યાયથી નક્કી કરો. તો જણાશે કે ખરેખર સુખ નહિ પણ દુઃખમાં જ વધારો થાય છે અને આવા ભ્રામક સુખ પાછળ ભમતા સંસારનું ચાર ગતિનું પરિભ્રમણ વધે છે અને આત્મહિત માટેના અમૂલ્ય એવા માનવભવને હારી જવા જેવું-નિરર્થક ગુમાવી દેવા જેવું બને છે. અહોહો ! અત્યંત ખેદની વાત છે કે બીજા અનેક પ્રકારના વિચારો કરનારા તને આ બાબતનો એક પળ પૂરતો વિચાર સરખોય આવતો નથી !!! (શ્રીમદ્ રાજચંદ્ર:મોક્ષમાળા:પાઠ ૬૭ : અમૂલ્ય તત્ત્વ વિચાર: કડી નં. ૨)




આ જીવના દુઃખનું લક્ષણ આકુળતા છે. જીવના ઉપયોગની અસ્થિરતા એ જ તેની આકુળતા છે. સંસારી જીવનો ઉપયોગ એક સમય પણ સ્થિર હોતો નથી. તેથી તે નિરંતર આકુળતામય દુઃખને જ અનુભવે છ. આકુળતામય દુઃખનું ઉત્તરોત્તર છેવટનું મૂળ કારણ મિથ્યાત્વ છે. તેથી મિથ્યાત્વ મટયા સિવાય અન્ય કોઈપણ પ્રકારે આકુળતામય દુઃખનો અભાવ થઈ શકતો નથી. અજ્ઞાની જીવને પોતાના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ દેખાતું નથી અને તેનું સીધું અને નજીકનું કારણ ઈચ્છાઓ છે તે જ દેખાય છે. તેથી અજ્ઞાની જીવ પોતાનું દુઃખ મટાડવા માટે ઈચ્છાઓનું સાધન કરવાનો જ ઉપાય કરે છે. અનાદિકાળથી આવો જ ઉપાય કરવામાં આવતો હોવાં છતાં આ દુઃખ અંશ માત્ર પણ ટળ્યું નથી.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઈચ્છાઓનું સાધન માનવામાં આવે છે. પણ ઈચ્છાઓ અનંત છે અને દરેક ઈચ્છા પણ એવી અગાધ હોય છે કે ગમે તેવા પુણ્યોદયથી તેની પૂર્તિ શકય નથી. તેમ છતાં માની લઈએ કે તેની પૂર્તિ થાય તેવો પુણ્યોદય છે તોપણ ઈચ્છાનુસારનો ભોગવટો થઈ શકતો નથી. ઈચ્છાનુસારનો ભોગવટો થાય છે તેમ માનીએ તોપણ પરવિષયોને ભોગવી શકાતા જ નથી. પરવિષયોને ભોગવી શકાય છે અને તેથી ઈચ્છાઓનું સાધન થાય છે તેમ માનવામાં આવે તોપણ આ ઈચ્છાઓનું સાધન યુગપદ્ થતું નથી. અનેક ઈચ્છાઓનું ક્રમપૂર્વક વારાફરતી સાધન કરવાથી જે ઈચ્છાનું સાધન કર્યું હોય તે જ ઈચ્છા ફરીને ઉત્પન્ન થાય છે તેથી એકેય ઈચ્છાનું સાધન થતું નથી અને બધી જ ઈચ્છાઓ ઊભી રહે છે. તેમ છતાં આપણે માનીએ કે ઈચ્છાઓનું સાધન યુગપદ્ પણ થાય છે. તોપણ ઈચ્છાનું સાધન થવાથી ઈચ્છાની પૂર્તિ થવાને બદલે તેની વૃદ્ધિ જ થાય છે. ભલે, ઈચ્છાની વૃદ્ધિ થાય પણ ઈચ્છાનું જે સાધન થાય છે અથવા જેટલા અંશે તેનું સાધન થાય છે તેટલા પ્રમાણમાં અમને સુખ અનુભવાય છે. અજ્ઞાની જીવને આવું સુખ પ્રત્યક્ષપણે સાક્ષાત્ વેદનમાં આવે છે. તેથી તેનો નિષેધ થઈ શકતો નથી. વળી સાચા આત્મિક સુખનો અનુભવ નથી. અનુભવ તો શું ઓળખાણેય નથી. ઓળખાણ તો શું તેની ગંધેય નથી. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતા ઈચ્છાનુસારના

લોકમાં જ સુખ માની લેવામાં આવ્યું છે. સંસારમાં એકેયનું આ સુખ એ ખરેખર સુખ નથી પણ સુખનો આભાસ છે. સાંસારિક આત્માઓની દ્રષ્ટિએ તેને સુખ લેવામાં આવે છે પણ વાસ્તવમાં તે દુઃખ જ છે. દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિ કરાવનાર એ ઓળખવામાં આવે તો જ આ ભૌતિક સુખનો મોહ છૂટી આત્મિક સાચા સુખનો રસિક થઈ શકે. આ ભૌતિકનું એક સ્વરૂપ સુખનો મોહજન્ય રતિભાવ છે.

## મોહજન્ય રતિભાવ

(દોહા)

જા સુખ કો તૂ સુખ કહે, સો સુખ તો સુખ નાહિ ।
વે સુખ દુઃખ કે મૂલ હૈ, સુખ અવિનાશી માંહિ ॥

**ભાવાર્થ :** સંસારમાં તું જેને સુખ કહે છે તે ખરેખર સુખ જ નથી. સંસારના ક્ષણિક સુખોને જ સાચું સુખ માની લેવું તે જ તારા આવતા દુઃખનું મૂળ કારણ છે. સાચું સુખ તો અવિનાશી આત્મામાં છે તેને તે આત્મામાં શોધવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. (શ્રી ... : દોહા નં. ૩૫)

આ સુખનું બીજું નામ ભૌતિક સુખ છે. સંસારનું એકેય સુખ એ સુખ જ નથી પણ ભ્રમ દુઃખ જ છે. અને એ ભૌતિક સુખ એ જ આત્માનું સાચું સુખ છે. આ આત્માને સમજવું કારણ કે તેને જ સંસાર અને તેના દુઃખો ટાળી શકે અને તેના સુખની પ્રાપ્તિ વિચારવાની છે.

આત્માની શુદ્ધ ગુણાત્મક અવસ્થાની પ્રતીતિ થતા ઇન્દ્રિયજન્ય ભૌતિક ક્ષણિક સુખ આવે છે. સંસારનું એકેય આ સુખ એ ખરેખર સુખ જ નથી. પુદ્ગલની પ્રાપ્ત વસ્તુઓમાં કોઈ સુખ જ નથી તેથી તેના ભોગવટાથી સુખની પ્રાપ્તિ કોઈ કાળમાં જ નથી. સ્વ-પર વસ્તુઓને ભોગવતો જ નથી પણ વસ્તુઓમાં રહેલા રાગને જ ભોગવે છે. આ રાગ તે મોહજન્ય રતિભાવ છે. આ કારણે આ મોહજન્ય રતિભાવને જ સુખ માની લેવામાં આવે છે.

ઇન્દ્રિયજન્ય સાંસારિક આ મોહજન્ય રતિભાવને સુખ માની લેવાથી ભૌતિક ક્ષણિક સુખ સમજવા માટે નીચેના મુદ્દા અનુસાર વર્ણવવામાં આવે છે.

૧. મોહ સાથે સંબંધિત અઘાતિકર્મોની પ્રકૃતિઓ
૨. અઘાતિકર્મોની પુણ્ય-પાપ પ્રકૃતિઓ મોહજન્ય
   રતિ-અરતિ ભાવ સાથેનો સંબંધ વિશેષ
૩. દુઃખના કારણભૂત અરતિ કે રતિ છતાંની
   સમજણ
૪. મોહજન્ય રતિભાવમાં સુખ માનવાનું કારણ :
   મિથ્યાત્વ

## ૧. મોહ સાથે સંબંધિત અઘાતિકર્મોની પ્રકૃતિઓ

(ગાથા)

**ज्ञानस्य दर्शनस्य च आवरणं वेदनीयमोहनीयम् ।**
**आयुर्नाम गोत्रमन्तरायमिति अष्ट प्रकृतयः ॥**

**ભાવાર્થ :** ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર અને ૮. અંતરાય એ આઠ કર્મોની મૂળ પ્રકૃતિઓનો ક્રમ બતાવવામાં આવે છે. (ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૮)

ઉપરોક્ત આઠ કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ઘાતિકર્મો છે. આ ઘાતિકર્મો જીવના 'અનુજીવી' ગુણોનો ઘાત કરનારા હોવાથી એને ઘાતિયા કર્મ કહેવામાં આવે છે. જ્યારે વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો છે. આ અઘાતિકર્મો શરીર અને શરીર સંબંધિત બાહ્ય સંયોગો આપવાનું કામ કરે છે. તેઓ 'પ્રતિજીવી' ગુણોનો ઘાત કરે છે. તેમ છતાં અઘાતિકર્મોની કેટલીક પ્રકૃતિઓ મોહનીય કર્મની સહાયતાથી જીવને રતિ-અરતિરૂપ સુખ-દુઃખ આપવાનું કામ કરતી હોવાથી તેને ઘાતિ જેવી કહેવામાં આવી છે. તેથી આઠ પ્રકારના ઘાતિ-અઘાતિકર્મોનો ક્રમ ઉચિત સુધારીને કહેવામાં આવ્યો છે.

આત્માના બધાં ગુણોમાં જ્ઞાન-દર્શન મુખ્ય છે. ત્યાર બાદ વીર્ય ગુણ છે. તેથી તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીયને પ્રથમ અને દર્શનને આવરણ કરનાર દર્શનાવરણીય કર્મને બીજા ક્રમે ગોઠવવામાં આવે છે. વેદનીયકર્મની બે પ્રકૃતિઓ શાતા અને અશાતા વેદનીય છે. શાતા વેદનીયને પુણ્યપ્રકૃતિ અને અશાતા વેદનીયને પાપપ્રકૃતિ કહેવામાં આવે છે. શાતા-અશાતા વેદનીયકર્મ મોહનીયકર્મની સહાયતાથી જીવને રતિ-અરતિરૂપ સુખ-દુઃખ આપી આત્માના ગુણોનો ઘાત કરે છે. તેથી વેદનીયકર્મ અઘાતિ અને પુણ્યરૂપ હોવા છતાં તેને ઘાતિકર્મોની જેમ ગણવામાં આવે છે. આ કારણે વેદનીયકર્મને મોહનીયકર્મની પણ પહેલાં ત્રીજે સ્થાને રાખવામાં આવે છે અને મોહનીયકર્મને ચોથા સ્થાને

માનવામાં આવે છે. આયુકર્મની સહાયતાથી જ નામકર્મનું કાર્ય ચારગતિ અને શરીરની નિષ્પત્તિરૂપ હોય છે. તેથી પાંચમાં ક્રમે આયુકર્મને રાખી છઠ્ઠા ક્રમે નામકર્મને રાખવામાં આવે છે. આયુકર્મની ચારે પ્રકૃતિઓ ભવવિપાકી છે. નામકર્મની ૯૩ પ્રકૃતિઓ પૈકી ૨૭ જીવવિપાકી, ૬૨ પુદ્ગલવિપાકી અને ૪ ક્ષેત્રવિપાકી છે. નામકર્મથી પ્રાપ્ત શરીરના સદ્ભાવમાં જ ઉચ્ચ-નીચનો વ્યવહાર થાય છે. તેથી નામકર્મ પછી સાતમાં ક્રમે ઉચ્ચ-નીચનો વ્યવહાર કરનાર ગોત્રકર્મને માનવામાં આવે છે. અને સૌથી છેલ્લે આઠમાં ક્રમે અંતરાયકર્મ છે. અંતરાયકર્મ એ જીવવિપાકી અને ઘાતિકર્મ છે. તોપણ તે અઘાતિકર્મ જેવું છે. તેમજ વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ અઘાતિકર્મોના નિમિત્તથી જ પોતાનું કામ કરે છે. તેથી તેને સૌથી છેલ્લે આઠમા ક્રમે રાખવામાં આવ્યું છે. આઠ કર્મોનો આ ક્રમ આ પ્રમાણે છે: ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર અને ૮. અંતરાય.

આઠેય કર્મની કુલ ૧૪૮ પેટા પ્રકૃતિઓનું વર્ગીકરણ નીચેના કોષ્ટક અનુસાર આપી શકાય છે.

| કર્મનું નામ ⇨ ⇩ વિપાકી પ્રકૃતિનો પ્રકાર | વેદનીય | આયુ | નામ | ગોત્ર | ઘાતિકર્મો | કુલ |
|---|---|---|---|---|---|---|
| જીવવિપાકી | ૨ | - | ૨૭ | ૨ | ૪૭ | ૭૮ |
| પુદ્ગલવિપાકી | - | - | ૬૨ | - | - | ૬૨ |
| ભવવિપાકી | - | ૪ | - | - | - | ૦૪ |
| ક્ષેત્રવિપાકી | - | - | ૪ | - | - | ૦૪ |
| કુલ | ૨ | ૪ | ૯૩ | ૨ | ૪૭ | ૧૪૮ |

અઘાતિકર્મની જીવવિપાકી પ્રકૃતિનું પુણ્ય અને પાપરૂપ વર્ગીકરણ નીચે મુજબ છે.

| કર્મનું નામ ⇨ ⇩ જીવ. પ્રકૃતિનો પ્રકાર | વેદનીય | આયુ | નામ | ગોત્ર | કુલ |
|---|---|---|---|---|---|
| પુણ્ય પ્રકૃતિ | ૧ | - | ૧૨ | ૧ | ૧૪ |
| પાપ પ્રકૃતિ | ૧ | - | ૧૫ | ૧ | ૧૭ |
| કુલ | ૨ | - | ૨૭ | ૨ | ૩૧ |


## ૭. અઘાતિકર્મની પુણ્ય-પાપ પ્રકૃતિનો મોહજન્ય રતિ-અરતિભાવ સાથેનો સંબંધ વિશેષ


(આર્યા)

घातिवद् वेदनीयं मोहस्य बलेन घातयति जीवम्।
इति घातीनांमध्ये मोहस्यादौ पठितं तु ॥

**તાત્પર્ય :** વેદનીય કર્મ અઘાતિ હોવા છતાં ઘાતિકર્મની જેમ જીવના સ્વભાવનો ઘાત કરે છે. તેવું પ્રકટ તેનો મોહનીયકર્મ સાથેનો સંબંધ વિશેષ છે. શાતા-અશાતા વેદનીયના ઉદય સાથે મોહનીયનો રતિ-અરતિનો ઉદય અવશ્ય હોય છે. શાતા-અશાતા વેદનીયનો ઉદય આવે ત્યારે મોહના બળથી ઉત્પન્ન થયેલ રતિ-અરતિજન્ય સુખ-દુઃખ અનુભવી જીવ પોતાના નિર્મોહી સ્વભાવનો ઘાત કરે છે. આ રીતે વેદનીયકર્મ ઘાતિકર્મ જેવું કામ કરતી હોવાથી તેને ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીયકર્મની પહેલા મૂકવામાં આવે છે. (ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૯)

સામાન્ય રીતે અઘાતિકર્મોનું ફળ શરીરાદિ સંયોગી પૌદ્ગલિક પદાર્થોમાં આવતું હોવાથી તેને પુદ્ગલવિપાકી માનવામાં આવે છે. અને ઘાતિકર્મોનું ફળ જીવમાં આવતું હોવાથી તેને જીવવિપાકી માનવામાં આવે છે. ઘાતીકર્મોની બધી જ ૪૭ પ્રકૃતિઓ જીવવિપાકી જ છે. પરંતુ અઘાતિકર્મોની કુલ ૧૦૧ પ્રકૃતિઓ પૈકી ૩૧ પ્રકૃતિઓને જીવવિપાકી માનવામાં આવે છે. વાસ્તવમાં આ ૩૧ પ્રકૃતિઓ પણ પુદ્ગલવિપાકી જ છે. તોપણ તેના ઉદય સાથે ઘાતિકર્મની મોહનીયનો ઉદય ઘનિષ્ઠપણે સંકળાયેલા છે. અઘાતિકર્મની પુણ્ય-પાપ પ્રકૃતિઓને મોહનીયકર્મના રતિ-અરતિના ઉદય સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. તેથી અઘાતિકર્મોની આ ૩૧ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી હોવા છતાં તેને જીવવિપાકી માનવામાં આવે છે. આ ૩૧ પ્રકૃતિઓ પૈકી શાતાવેદનીય, ઉચ્ચગોત્ર અને શુભનામની ૧૨ પ્રકૃતિઓ મળીને કુલ ૧૪ પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિઓ છે. અને અશાતાવેદનીય, નીચગોત્ર અને અશુભનામની ૧૫ પ્રકૃતિઓ મળીને કુલ ૧૭ પ્રકૃતિઓ પાપપ્રકૃતિઓ છે. અઘાતિકર્મની જીવવિપાકી પુણ્યપ્રકૃતિનો ઉદય હોય ત્યારે મોહનીયકર્મના રતિભાવનો ઉદય પણ નિયમથી હોય છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રકૃતિમાં મોહજન્ય રતિભાવ હોવાને કારણે તેમાં જીવને ગમાનો રતિભાવ થવાથી ઠીક લાગે છે. તેથી જ્યાં સુધી પુણ્યોદયના સાનુકૂળ સંયોગો બન્યા રહે ત્યાં સુધી પોતાને સુખી માને છે. અહીં જે સુખ અનુભવાય છે એ કોઈ વાસ્તવિક સુખ નથી પણ મોહજન્ય રતિભાવ છે. તે જ રીતે અઘાતિકર્મોની જીવવિપાકી પાપ પ્રકૃતિના ઉદય સમયે મોહજન્ય અરતિભાવ હોવાને કારણે તેમાં જીવને અણગમાનો અતિભાવ થવાથી અઠીક લાગે છે. તેથી જ્યાં સુધી પાપોદયના પ્રતિકૂળ સંયોગો બન્યા રહે ત્યાં સુધી પોતાને દુઃખી માને છે. અહીં જે દુઃખ અનુભવાય છે એ વાસ્તવિક દુઃખ જ છે અને તે મોહજન્ય અરતિભાવ છે. મોહજન્ય કોઈ પણ પરિણામ વાસ્તવમાં દુઃખરૂપ જ હોય છે. મોહજન્ય રતિભાવમાં દુઃખને બદલે સુખ ભાસવાનું કારણ જીવનું મિથ્યાત્વ હોય છે. જેની ચર્ચા આ







સુખરૂપ માનવામાં આવે છે. મોહજન્ય રતિભાવ એ કષાયભાવ છે, આત્માના ચારિત્રગુણની વિકારીદશા છે. તેનાથી આત્માના નિરાકુળતામય સુખ સ્વભાવનો ઘાત છે, અવગુણની ઉત્પત્તિ છે,કર્મનું બંધન છે. તેથી તે સુખરૂપ હોઇ શકે નહિ. માત્ર અજ્ઞાનીને જ તેના અજ્ઞાનના કારણે તેમાં સુખ ભાસે છે. જ્ઞાની ધર્માત્માને તેમાં સુખ ભાસતું નથી.

**પ્રશ્ન : જ્ઞાની ધર્માત્માને પરવિષયોના લક્ષે થતાં મોહજન્ય રતિભાવમાં સુખ કેમ ભાસતું નથી ?**

**ઉત્તર :** જ્ઞાની ધર્માત્માનું મિથ્યાત્વ મટી ગયું છે. તેમને આત્મિક અતિન્દ્રિય સુખની ઉપલબ્ધિ પણ છે. આત્માના સાચા સુખ પાસે તેમને સંસારનું કહેવાતું સુખ હળાહળ ઝેર જેવું ભાસે છે. જ્ઞાનીને ભોગોપભોગની પ્રવૃત્તિથી થતાં અશુભભાવમાં તો દુઃખ ભાસે છે પણ તત્ત્વવિચાર જેવા શુભભાવમાં પણ દુઃખ જ ભાસે છે. જ્ઞાનીને ઊંચામાં ઊંચો શુભભાવ કે સૂક્ષ્મ વિકલ્પમાત્ર પણ દુઃખરૂપે જ વેદાય છે. એકમાત્ર નિર્વિકલ્પ વીતરાગભાવ જ સુખરૂપે વેદાય છે. તેનું કારણ મિથ્યાત્વનો અભાવ છે.

મિથ્યાત્વનો અભાવ થતાં અનંતાબંધી મોહનો પણ અભાવ થાય છે. અનંતાનુબંધી મોહજન્ય રતિભાવ જ પરવિષયોમાં અભિપ્રાયપૂર્વકની સુખબુદ્ધિ કરાવે છે. જ્ઞાનીને અનંતાનુબંધી મોહનો અભાવ હોતાં પરવિષયોમાં અસ્થિરતાપૂર્વકની સુખબુદ્ધિ હોવા છતાં અભિપ્રાયપૂર્વકની સુખબુદ્ધિનો અભાવ હોય છે.

વાસ્તવમાં જ્ઞાનદશા પ્રગટ થયા પહેલાં આત્માર્થીપણાની ભૂમિકાથી જ સંસારમાં સુખબુદ્ધિ ક્રમશઃ ટળતી જાય છે એટલે કે મિથ્યાત્વ મંદ થતા સંસારમાં સુખબુદ્ધિ પણ ક્રમશઃ મંદ પડતી જાય છે.

**પ્રશ્ન : મિથ્યાત્વ મંદ થતાં સંસારમાં સુખબુદ્ધિ પણ ક્રમશઃ કઈ રીતે મંદ પડે છે ?**

**ઉત્તર :** મિથ્યાત્વની સાથે અનંતાનુબંધી મોહ સંબંધિત છે. જેમ મિથ્યાત્વ તીવ્ર હોય તેમ અનંતાનુબંધી મોહ પણ તીવ્ર હોય છે. અને મિથ્યાત્વ મંદ થતાં અનંતાનુબંધી મોહ પણ મંદ થાય છે અને મિથ્યાત્વનો અભાવ થતાં અનંતાનુબંધી મોહનો પણ અભાવ થાય છે. જીવના અનંતાનુબંધી મોહના કારણે જ તેને સંસારમાં સુખબુદ્ધિ હોય છે. તેથી જે પ્રકારે મિથ્યાત્વ મંદ પડે છે, તે પ્રકારે ક્રમશઃ અનંતાનુબંધી મોહ અને તેના કારણભૂત સંસારમાં સુખબુદ્ધિ મંદ પડે છે.

તીવ્ર મિથ્યાત્વ હોય તેને સાંસારિક પાંચ ઇન્દ્રિયોના વિષયો અને શુભાશુભ કષાયજન્ય પ્રવૃત્તિમાં તીવ્ર સુખબુદ્ધિ હોય છે. ત્યાર પછી તે મિથ્યાત્વ જે પ્રકારે મંદ પડે તે પ્રકારે સુખબુદ્ધિ પણ મંદ પડે છે.

તીવ્ર મિથ્યાત્વ ધરાવનારા અજ્ઞાનીને પાંચ ઇન્દ્રિયોના વિષયો અમૃત જેવાં સુખરૂપ ભાસે છે. ત્યાર પછી તે મિથ્યાત્વ ક્રમશઃ મંદ થતાં તે જ વિષયો અનુક્રમે ધૂળ જેવા, વિષ્ટા જેવા અને ઝેર જેવા દુઃખરૂપ ભાસે છે.

જે જીવને તીવ્ર મિથ્યાત્વ છે તેને કષાયજન્ય અશુભ પ્રવૃત્તિમાં પણ સુખ ભાસે છે. આવો જીવ આખલા સાથેની લડાઇ (Bulfight), કૂકડાની લડાઈ, સાપ-નોળીયાની લડાઈ જેવી પરપીડનની અશુભ પ્રવૃત્તિમાં પણ સુખ માને છે. જીવની સમજણ સુધરતા કે મિથ્યાત્વ મંદ પડતાં તેને આવી પ્રવૃત્તિ જોઈને અરેરાટી ઊપજે છે. પણ દયા, દાન, પૂજા, ભક્તિ જેવા સ્થૂળ પ્રકારના શુભભાવોમાં સુખ ઊપજે છે. મિથ્યાત્વ વધુ મંદ થતા આ સ્થૂળ શુભભાવો પણ સુખરૂપ ભાસતા નથી પણ તત્ત્વવિચાર જેવા સૂક્ષ્મ શુભભાવો સુખરૂપ ભાસે છે. મિથ્યાત્વનો અભાવ થતાં અને સમ્યક્ત્વની પ્રગટતા થતાં સૂક્ષ્મ શુભભાવો પણ સુખરૂપ ભાસતા નથી. આ રીતે મિથ્યાત્વ મંદ થતા સંસારની સુખબુદ્ધિ પણ ક્રમશઃ મંદ થતી જાય છે. અને મિથ્યાત્વ ટળી જતાં તે સુખબુદ્ધિ પણ ટળી જાય છે.

જ્ઞાનીને જેમાં દુઃખ ભાસે છે, અજ્ઞાનીને તેમાં જ સુખ ભાસે છે. એક જ બાબત જ્ઞાની માટે દુઃખરૂપ હોય અને અજ્ઞાની માટે સુખરૂપ હોય તેમ બની શકે નહિ. સઘળાં પરવિષયો દુઃખરૂપ જ હોવાં છતાં અજ્ઞાનીના મિથ્યાત્વના કારણે જ તેમાં સુખ-દુઃખનું દ્વૈત થાય છે.

**પ્રશ્ન : અજ્ઞાનીનું મિથ્યાત્વ જ પરવિષયો દુઃખરૂપ હોવાં છતાં તેમાં સુખ-દુઃખનું દ્વૈત કઈ રીતે કરે છે ?**

**ઉત્તર :** અદ્વૈતમાં પણ દ્વૈત કરવું એ મિથ્યાત્વનું કાર્ય છે. મિથ્યાત્વના કારણે જ સુખ-દુઃખના સ્વરૂપની અણસમજણ હોય છે. જગતનાં સઘળાં પરવિષયો પોતાના જ્ઞાનના જ્ઞેયમાત્ર છે. પોતાને માટે તે કોઈ સારા-નરસા કે ભલા-બૂરા હોતા નથી. પરંતુ મિથ્યાત્વના કારણે જ પરવિષયોમાં સારા-નરસા કે ભલા-બૂરાનું દ્વૈત ઉત્પન્ન થાય છે. અજ્ઞાની જીવ સારા કે ભલા વિષયોને ઈષ્ટ માની તેમાં રતિભાવ કે રાગ કરે છે. અને આ રાગમાં તેને સુખ અનુભવાય છે. વળી તે નરસાં કે બૂરાં વિષયોને અનિષ્ટ માની

તેમાં અરતિભાવ કે દ્વેષ કહે છે. અને આ દ્વેષમાં તેને દુઃખ અનુભવાય છે.

જેમ ધસમસતા વેગથી ચાલ્યો આવતો અતિપ્રચુર જળસમૂહનો પ્રવાહ અડીખમ ઊભેલા પર્વત સાથે પ્રહાર પામતા બે ભાગમાં વહેંચાઈ જઈને અત્યંત ક્ષોભિત થાય છે, તેમ ધસમસતાં વેગથી ચાલ્યો આવતો જીવનો અતિપ્રચુર કષાયોનો પ્રવાહ અડીખમ ઊભેલા મિથ્યાત્વ-મોહના કારણે રાગ અને દ્વેષના બે ભાગમાં વહેંચાઈ જઈ અત્યંત ક્ષોભિત થાય છે.

અહીં એક જ પાણીનો પ્રવાહ પર્વતના કારણે બે ભાગમાં વહેંચાઈ જઈ ક્ષોભિત થાય છે તેમ એક જ કષાયનો પ્રવાહ મોહના કારણે રતિ કે અરતિ એટલે કે રાગ કે દ્વેષમાં વહેંચાઈ જાય છે. તેથી તે અત્યંત ક્ષોભિત થાય છે. એટલે કે અત્યંત અસ્થિર બની આકુળતા ઉપજાવે છે. આ રીતે અજ્ઞાની જીવનું મિથ્યાત્વ જ પરવિષયો દુઃખરૂપ હોવા છતાં તેમાં સુખ-દુઃખનું દ્વૈત ઊભું કરે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—




(હરિગીત)

**દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;**

**તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને.**

**ભાવાર્થ :** જીવને દ્રવ્યાદિકના સુખ-દુઃખાદિના સ્વરૂપ વિષેની અણસમજણરૂપ મૂઢ ભાવ તે જ તેનો મિથ્યાત્વરૂપ મોહ છે. આ મિથ્યાત્વરૂપી મોહથી આચ્છાદિત વર્તતો થકો અજ્ઞાની જીવ એક જ પ્રકારના કષાયને રાગ અને દ્વેષમાં વિભાજિત કરીને ક્ષુબ્ધ થાય છે.

(પ્રવચનસાર : ગાથા ૮૩)

## ઉપસંહાર

અજ્ઞાની જીવ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતાં ઈચ્છાનુસારના સાધનમાં જ પોતાનું સુખ માને છે. વાસ્તવમાં આ સુખ નથી પણ પોતાનો જ મોહજન્ય રતિભાવરૂપ રાગભાવ કે કષાયભાવ છે. કોઈપણ રાગ કે કષાય પોતાના આત્મસ્વભાવનો ઘાત કરી અવગુણ અને આકુળતાની જ ઉત્પત્તિ કરનારો હોવાથી દુઃખરૂપ હોય છે. તેથી મોહજન્ય રતિભાવ પણ આત્માને દુઃખરૂપ જ છે. દુઃખનાં કારણપણે મોહજન્ય કોઈ પણ ભાવ—અરતિ કે રતિ—ની સમાનતા હોય છે. મોહજન્ય અરતિભાવની જેમ મોહજન્ય રતિભાવ પણ દુઃખરૂપ હોવાં છતાં તે સુખરૂપ માનવાનું કારણ જીવનું મિથ્યાત્વ છે. ઈચ્છાનુસારના સાધનમાં થતાં મોહજન્ય રતિભાવના કારણે અજ્ઞાની જીવને સુખ ભાસતું હોવાથી તે આવા સુખનો જ ઉપાય કર્યા કરે છે.

અજ્ઞાની જીવ કહેવાતા ભ્રાંતિજન્ય મોહયુક્ત સુખને જ સાચું સુખ સમજીને તેની પાછળ જ મંડ્યો રહે છે. આવા સાંસારિક સુખ માટે તે ગમે તે કરી છૂટવા તૈયાર રહે છે. પોતાની સમસ્ત શક્તિ અને સમય તેના માટે ન્યોચ્છાવર હોય છે. સાંસારિક સુખની ઘેલછામાં આત્મિક સુખની વાત એક બાજુએ રહી જાય છે. આત્મિક સુખની વાત પણ સાંભળી હોતી નથી. કદાચિત્ આવી વાત સાંભળવા મળે તોપણ તેનું સાધન કરવાનો સમય નથી. વેપારધંધો, વિષયકષાય, હરવાફરવા, ખાવાપીવા, રમતગમત વગેરે બધાંય માટે સમય ફાળવી શકાય છે પણ આત્મિક સુખના સાધન માટેની વાત આવે ત્યારે મરવાનીય ફુરસદ નથી, એમ કહે છે. પણ ભાઈ ! ગમે તેટલો કામમાં હોઈશ તોય યમરાજા આવીને ઉપાડી જશે. મરણ ગમે ત્યારે આવી પડશે. તે તારી અગાઉથી મંજૂરી (Appointment) મેળવીને આવશે નહિ. મરણ સમયે પણ સમાધાન અને શાંતિ રાખવી હોય અને મરણ પછીના ભવનું પણ ભલું કરવું હોય તો સૌ પ્રથમ તું જે સુખ માને છે તે સુખ નથી પણ દુઃખ છે તે નક્કી કરવું જરૂરી છે. જો એક વાર પણ સાચા આત્મિક સુખની સમજણ થશે તો તારો પુરુષાર્થ સંસાર અને તેના માર્ગમાંથી પાછો વળી મોક્ષ અને તેના માર્ગમાં આવશે. જેથી તારૂં સંસારદુઃખ ટળી મોક્ષસુખની અવશ્ય પ્રાપ્તિ થશે. મુનિવર રામસિંહના શબ્દોમાં—

जं दुक्खु वि तं सुक्खु किउ जं सुहु तं पि य दुक्खु ।

पइं जिय मोहहिं वसि गयउ तेण ण पायउ मोक्खु ॥

**ભાવાર્થ : હે જીવ ! તું મોહને વશ થઈને દુઃખને જ સુખ માની રહ્યો છે. અને સાચા સુખને દુઃખ માની રહ્યો છે. તેથી જ તારો સંસાર અને તેનું દુઃખ ટળતું નથી. તેમ જ મોક્ષ અને તેનું સુખ પ્રાપ્ત થતું નથી.**

(પાહુડ દોહા : ગાથા ૧૧)

## ટિપ્પણ

૧. ગંધેય નથી : આછી પાતળી ઓળખાણ નથી કે હયાતિનો સ્વીકાર નથી. ●૨. અનુજીવી ગુણ : જીવના ભાવસ્વરૂપ ગુણોને અનુજીવી ગુણ કહે છે. જેમ કે – જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે ●૩. જીવવિપાકી : જેનું ફળ જીવમાં હોય તેને જીવવિપાકી કર્મની પ્રકૃતિ કહે છે, ●૪. પુદ્‌ગલવિપાકી : જેનું ફળ શરીરમાં હોય તેને પુદ્‌ગલવિપાકી કર્મની પ્રકૃતિ કહે છે. ●૫. ભવવિપાકી : જેના ફળથી જીવ સંસારના ભવમાં રોકાય છે તે આયુષ્યકર્મની પ્રકૃતિને ભવવિપાકી કહે છે. ●૬. ક્ષેત્રવિપાકી : જે કર્મના ફળથી વિગ્રહગતિમાં જીવનો આકાર પહેલાના જેવો બનેલો રહે તેને ક્ષેત્રવિપાકી કર્મની પ્રકૃતિ કહે છે.

## સંદર્ભ સાહિત્ય


**પ્રાસ્તાવિક** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : મોક્ષમાળા, પાઠ ૬૭, અમૂલ્ય તત્ત્વવિચાર.

**૧. મોહજન્ય રતિભાવ** ૧. ભૈયા ભગવતીદાસ કૃત ઉપાદાન-નિમિત સંવાદ : દોહરા નં. ૩૫;

**૧.૧. મોહ સાથે સંબંધિત અઘાતિકર્મની પ્રકૃતિઓ** ૧. ગોમ્મટસાર કર્મકાંડ : ગાથા ૮ થી ૧૮, ૪૦ થી ૫૦; ●૨. પંચસંગ્રહ : પ્રાકૃત : ગાથા ૪૯૦ થી ૪૯૩ ; ●૩. લબ્ધિસાર : ગાથા ૩૦૬-૩૦૭ અને તેની ટીકા; ●૪. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૨૩/૭/૫૮૪/૩૩; ●૫. ધવલ : ૧૪ ગાથા ૧-૪, ૧૩-૧૪; ●૬. પંચસંગ્રહ : સંસ્કૃત : અધ્યાય ૪, ગાથા ૩૨૬ થી ૩૩૩; ●૭. જૈ. સિ. કોશ : ભાગ ૩ : પ્રકૃતિબંધ : ૨/૨, પાનુ ૮૯, ૯૦;

**૧.૨. અઘાતિકર્મની પુણ્ય-પાપ પ્રકૃતિનો મોહજન્ય રતિ-અરતિભાવ સાથેનો સંબંધ વિશેષ.** ૧. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૯, ૨૦, ૨૫, ૪૧ થી ૪૪, ૨૭૩ અને તેની ટીકા. ●૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩, વેદનીયકર્મના ઉદયથી થતું અને તેના ઉપાયોનું જૂઠાપણું, પાનુ ૬૨; અધિકાર ૯: આત્માનું હિત મોક્ષ : પાનુ ૩૦૯; ●૩. ધવલ : ૬/૧, ૯-૧, ૧૮/૩૬/૨, ૮; ●૪. જૈ. સિ. કોશ : ભાગ : ૩ વેદનીય : પાનુ ૫૯૪; પ્રકૃતિબંધ : ૨/૧, પાનુ ૮૯; ●૫. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૮, સૂત્ર ૨૫, ૨૬; ●૬. બૃહદ્ દ્રવ્ય સંગ્રહ : ગાથા ૩૮; ●૭. નયચક્ર : બૃહદ : ગાથા ૧૬૧; ●૮. પંચસંગ્રહ : પ્રાકૃત : ગાથા ૪૫૩ થી ૪૫૯; ●૯. પંચસંગ્રહ : સંસ્કૃત : અધ્યાય ૪, ગાથા ૨૭૫ થી ૨૮૪; ●૧૦. સર્વાર્થસિદ્ધિ : ૮/૨૫-૨૬/૪૦૪/૩; ●૧૧. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૮/૨૫-૨૬/૫૮૬/૬,૧૫

**૧.૩. દુઃખના કારણપણે અરતિ કે રતિ કષાયની સમાનતા** ૧. પંચસંગ્રહ : પ્રાકૃત : અધ્યાય ૧, ગાથા ૧૪૯; ●૨. જૈ. સિ. કોશ : ભાગ ૨ : કષાય : પાનું ૩૫

**૧.૪. મોહજન્ય રતિભાવમાં સુખ માનવાનું કારણ : મિથ્યાત્વ** ૧. પ્રવચનસાર : ગાથા ૮૩, ૮૫ અને તેની ટીકા; ●૨. સર્વાર્થસિદ્ધિ : ૨/૬/૧૫૯/૭; ●૩. નયચક્ર બૃહદ : ગાથા ૩૦૩ થી ૩૦૫; ●૪. સમયસાર : ગાથા ૮૮ ની જયસેનાચાર્યકૃત ટીકા

**ઉપસંહાર** ૧. પાહુડદોહા : ગાથા ૧૧.


## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. અજ્ઞાનીની સત્તા અને સંપત્તિમાં વધારો થવાની સાથે તેનામાં ખરેખર શેનો વધારો થાય છે ?** ૧☐

A. સંસાર પરિભ્રમણનો  B. માન આબરૂનો
C. સગાં સ્નેહીઓનો  D. ટપાલ ટેલીફોનનો

**૨. બીજા અનેક પ્રકારના વિચારો કરનારા મનુષ્યને શેનો એક પળ પૂરતો પણ વિચાર આવતો નથી ?** ૨☐

A. સત્પાત્રે દાનનો વિચાર
B. અમૂલ્ય મનુષ્યભવને હારી જવાય છે એવો વિચાર
C. ભોગોપભોગની સામગ્રીને ભોગવવા માટેનો વિચાર
D. સામાજીક ઋણ અદા કરવાનો વિચાર

**૩. સંસારમાં કહેવાતાં સુખને સુખ કહેવાનું કારણ શું ?** ૩☐

A. પારમાર્થિક રૂઢિ  B. અપારમાર્થિક રૂઢિ
C. મોહજન્ય રતિભાવ  D. વાસ્તવિકતા

**૪. સઘળા દુઃખનું મૂળ કારણ શું ?** ૪. ☐

A. આત્મિક સાચા સુખનો અનુભવ ન હોવો
B. સંસારના કહેવાતા સુખમાં સંતોષાઈ જવું
C. સંસારના કહેવાતા સુખને જ સાચું સુખ માની લેવું
D. સંસારના કહેવાતા સુખની અવગણના ન કરવી

**૫. સઘળાં ગુણોમાં કયો ગુણ મુખ્ય અને પૂજ્ય છે ?** ૫. ☐

A. સુખ B. ચારિત્ર C. દર્શન D. જ્ઞાન

**૬. આગમપ્રમાણ ક્રમમાં ત્રીજા સ્થાને કયું કર્મ છે ?** ૬. ☐

A. અંતરાય B. મોહનીય C. નામ D. વેદનીય

**૭. અંતરાયકર્મ કયા ત્રણ કર્મના નિમિત્તથી પોતાનું કામ કરે છે ?** ૭. ☐

A. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય
B. વેદનીય, મોહનીય, નામ
C. વેદનીય, નામ, ગોત્ર
D. વેદનીય, મોહનીય, આયુ

**૮. અઘાતિકર્મોની કુલ ૧૦૧ પ્રકૃતિઓ પૈકી જીવવિપાકી કેટલી ?** ૮. ☐

A. ૨૭ B. ૩૧ B. ૬૨ D. ૭૮

**૯. અઘાતિકર્મની જીવવિપાકી પુણ્ય-પાપ પ્રકૃતિના ઉદય સાથે મોહનીયકર્મનો કયા પ્રકારનો ઉદય નિયમથી સંકળાયેલ હોય છે ?** ૯. ☐

A. શુભ–અશુભ  B. રતિ–અરતિ
C. સુખ–દુઃખ  D. રાગ–દ્વેષ

**૧૦. મોહજન્ય કયા પરિણામ દુઃખ રૂપ હોય છે ?** ૧૦. ☐

A. દરેક પરિણામ
B. મોહજન્ય રતિભાવ
C. પાપપ્રકૃતિ સાથે સંબંધિત મોહના પરિણામ
D. મિથ્યાત્વ સાથે સંબંધિત મોહના પરિણામ

**૧૧. સંસારમાં જેને સુખ કહેવામાં આવે છે તે ખરેખર શું હોય છે ?** ૧૧. ☐

A. મોહજન્ય રતિભાવ  B. પરવિષયોનો ભોગવટો
C. ઈચ્છાનુસારનું સાધન  D. મિથ્યાત્વ

**૧૨. તીર્થંકર કેવળીનું સુખ કોને આધિન છે ?** ૧૨. ☐

A. સમવસરણાદિ વિભૂતિને B. આત્માને
C. તીર્થંકર નામકર્મના ઉદયને D. કાળને

**૧૩. એક જ બાહ્ય બાબત માટે બે સંસારી જીવોમાં એકને બીજા કરતા વધુ સુખ ભાસે તો તેનામાં શેની અધિકતાનું કારણ હોવું જોઈએ ?** ૧૩. ☐
A. પુણ્યોદયની B. મોહની
C. સમજણની D. ભોગોપભોગની

**૧૪. કષાય એટલે શું ?** ૧૪. ☐
A. સંસારનું સુખ B. સંસારનું દુઃખ
C. સંસારનો લાભ D. સંસારનું નુકશાન

**૧૫. રતિભાવ અને અરતિભાવ કઈ રીતે જુદા છે ?** ૧૫. ☐
A. શુભભાવ અને અશુભભાવ
B. રાગભાવ અને વીતરાગભાવ
C. સુખરૂપ અને દુઃખરૂપ ભાવ
D. પુણ્યોદય અને પાપોદય સાથે સંબંધિત ભાવ

**૧૬. કોનો કષાયયુગલમાં સમાવેશ નથી?** ૧૬. ☐
A. ક્રોધ અને માન B. રતિ અને અરતિ
C. હાસ્ય અને શોક D. પુરુષવેદ અને સ્ત્રીવેદ

**૧૭. મિથ્યાત્વના કારણે શું માનવામાં આવે છે ?** ૧૭. ☐
A. મોક્ષસુખને પુરુષાર્થાધીન માનવામાં આવે છે
B. પુણ્યને હેય તત્ત્વ માનવામાં આવે છે
C. મોહજન્ય રતિભાવને સુખરૂપ માનવામાં આવે છે
D. પોતાના શરીરને પારકું માનવામાં આવે છે

**૧૮. જ્ઞાનીને નીચે પૈકી શું સુખરૂપે વેદાય છે ?** ૧૮. ☐
A. જિનેન્દ્ર ભગવાનની પુજાનો ભાવ
B. નિર્વિકલ્પ વીતરાગભાવ
C. તત્ત્વવિચારનો શુભભાવ
D. ભોગોપભોગના પરિણામ

**૧૯. મિથ્યાત્વ મંદ થતા શું મંદ થાય ?** ૧૯. ☐
A. દરેક પરિણામ B. અનંતાનુબંધીનો મોહ
C. શુભભાવની તીવ્રતા D. મોહજન્ય રતિભાવ

**૨૦. કષાયભાવમાં સુખ-દુઃખનું દ્વૈત કરાવનાર કોણ છે ?** ☐
A. મિથ્યાત્વના પરિણામ
B. મોહજન્ય રતિ–અરતિભાવ
C. મોહ સાથે સંબંધિત પુણ્ય–પાપનો ઉદય
D. કોઈ નથી

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. સત્તા, સંપત્તિ, કુટુંબ, પરિવારાદિકના વધવાથી મનુષ્યના જીવનમાં શેનો વધારો થાય છે ?
૨. સંસારના ભ્રામક સુખ પાછળ ભમતા શું હારી જવાય છે ?
૩. સંસારમાં જેને સુખ કહેવામાં આવે છે તે ખરેખર શું છે ?
૪. સાચું સુખ ક્યાં છે અને કેવી રીતે ઉત્પન્ન થાય ?
૫. ઇચ્છાનુસારના સાધનથી થતા મોહજન્ય રતિભાવને સુખ માની લેવાનું કારણ શું છે ?
૬. વેદનીય કર્મ અઘાતી હોવા છતાં તેને ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીય કર્મની પહેલા શા માટે મૂકવામાં આવે છે?
૭. અઘાતિકર્મોની કુલ કેટલી પ્રકૃતિઓ છે ? તેમાંથી કેટલી પ્રકૃતિઓને જીવવિપાકી માનવામાં આવે છે ?
૮. કષાય એટલે શું ?
૯. મોહજન્ય રતિભાવમાં દુઃખને બદલે સુખ માનવાનું કારણ શું ?
૧૦. મિથ્યાત્વનું મુખ્ય સ્વરૂપ શું છે ?
૧૧. મિથ્યાત્વનું સ્વરૂપ કેવું હોય છે ?
૧૨. સંસારમાં સુખબુદ્ધિ ક્રમશઃ કઈ રીતે મંદ પડે ?
૧૩. જીવ શુદ્ધ ક્યારે થાય છે ?
૧૪. અજ્ઞાની જીવ કયા સુખનો ઉપાય કરે છે ? શા માટે ?
૧૫. અજ્ઞાની જીવને શેનો સમય મળે છે ?
૧૬. જીવ મોહને વશ થઈને શું માની રહ્યો છે ?

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. અજ્ઞાની મનુષ્ય શેનો એક પળ પૂરતોય વિચાર કરતો નથી ?
૨. આઠ કર્મોની મૂળ પ્રકૃત્તિઓનો ક્રમ કયો છે ?
૩. આઠ કર્મોથી કર્મની પ્રકૃત્તિઓના શાસ્ત્રોક્ત ક્રમનું કારણ સમજાવો.
૪. અઘાતિકર્મોની જીવવિપાકી પુણ્ય–પાપ પ્રકૃત્તિ સાથે મોહનીય કર્મનો કયા પ્રકારનો સંબંધ હોય છે ? તેની સમજૂતી આપો.
૫. જીવવિપાકી કર્મની પ્રકૃત્તિ એટલે શું ? જીવવિપાકી કર્મની કુલ કેટલી પ્રકૃત્તિઓ છે ? કઈ કઈ ?
૬. આત્મિક સુખ પુણ્યોદયને આધિન હોતું નથી તે કઈ રીતે સમજી શકાય છે ?
૭. જીવનું દુઃખ તેના મોહના કારણે હોય છે પણ પાપના ઉદયના કારણે હોતું નથી તે બાબત સમજાવો.
૮. દુઃખના કારણપણે અરતિ કે રતિ કષાયની સમાનતા સમજાવો.
૯. કષાયયુગલ એટલે શું ? કેટલાંક કષાયયુગલના નામ આપો.
૧૦. મિથ્યાત્વરૂપ મોહના ચિહ્નો જણાવો.
૧૧. શા માટે મોહજન્ય રતિભાવ એ આત્માને દુઃખરૂપ છે ?
૧૨. મિથ્યાત્વના કારણે પરવિષયોમાં સુખબુદ્ધિ શા માટે થાય છે?
૧૩. જ્ઞાની ધર્માત્માને પરવિષયોના લક્ષે થતા મોહજન્ય રતિભાવમાં સુખ કેમ ભાસતું નથી ?
૧૪. મિથ્યાત્વ મંદ થતાં સંસારમાં સુખબુદ્ધિ પણ ક્રમશઃ કઈ રીતે ઢીલી પડે છે ?
૧૫. મિથ્યાત્વના કારણે સુખ–દુઃખનું દ્વૈત કઈ રીતે થાય છે તે સમજાવો.
૧૬. મુનિવર રામસિંહના કથન અનુસાર શા માટે સંસાર અને તેનું દુઃખ ટળતું નથી તથા મોક્ષ અને તેનું સુખ પ્રાપ્ત થતું નથી ?

### વિદ્યાર્થીઓની જૂથપ્રવૃત્તિ

૧. મોહજન્ય રતિભાવ ઉપર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. રતિભાવ – અરતિભાવ ઉપર સંવાદ તૈયાર કરી ભજવો

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. ઉપસર્ગ વિજેતા મુનિઓના ઉદાહરણ આપી પાપનો ઉદય દુઃખનું કારણ નથી તથા તીર્થંકરનું સુખ તેમના પુણ્યોદયના કારણે નથી તે બાબત વિશદતાથી સમજાવો.
૨. સાંસારિક સુખ-દુઃખ જીવના મોહના આધારે છે તે બાબત સપષ્ટતાથી સમજાવો.